Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

66

# ગાંધીજી અને દારૂબંધી

## ડૉ. સંદીપગીરી એમ. ગૌસ્વામી

કાર્યકારી આચાર્ય, સરદાર પટેલ માધ્યમિક શાળા, વાસણા, બોરસદ

**સારાંશ**

સ્થાપના સમયથી જ ગુજરાતમાં દારૂબંધીની નીતિ અમલમાં છે, જેના પર સમયાંતરે ચર્ચા થતી રહી છે, છતાં સ્થાપનાનાં 60 વર્ષ બાદ પણ તે યથાવત્ છે. આજે કેટલાક વર્ગનું માનવું છે કે રાજ્યમાં દારૂબંધીની નીતિને હળવી કાઢવાનો સમય આવી ગયો છે, જ્યારે અન્યોનું માનવું છે કે તેના કારણે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિને જાળવી રાખવામાં મદદ મળે છે એટલે તેને જાળવી રાખવી જોઇએ. સમાજશાસ્ત્રી વિદ્યુત જોષીએ બીબીસી ગુજરાતી સાથે વાત કરતા જણાવ્યું હતું : "ગુજરાતમાં પ્રૉહિબિશનની નીતિ અંગ્રેજ શાસનકાળ દરમિયાન લાગુ થઇ હતી. એ પહેલાં દક્ષિણ ગુજરાતમાં લોકો તાડી અને ચોખામાંથી દારૂ બનાવતા હતા. આદિવાસી વિસ્તારમાં મહુડામાંથી દારૂ બનાવવામાં આવતો હતો (ટીમ બીબીસી)."

1939માં ગાંધીજીએ બૉમ્બે સરકાર પાસે દારૂબંધીનો અમલ કરાવવાની ફરજ પાડી હતી ત્યારે કેટલાક પારસીઓએ તેનો વિરોધ કર્યો હતો. તેમનું કહેવું હતું કે એમ કરવાથી ધાર્મિક અધિકારોનો ભંગ થાય છે અને તેમણે ગાંધીજી પર 'વંશીય ભેદભાવ'ના આરોપ પણ મૂક્યા હતા. જોષી માને છે કે ગુજરાતમાં દારૂબંધીની નીતિની સમીક્ષા કરવાનો સમય આવી ગયો છે. ગુજરાતમાં બિયર, તાડી તથા નીરો ઉપરાંત જે આલ્કોહોલિક પીણામાં નશાનું પ્રમાણ 10 ટકા હોય તેમને નિયંત્રણમાંથી મુક્ત કરવા જોઇએ (Rumbarger, J. J. 1989).

જ્યારે આ દારૂ અને દારૂબંધી વિષે ગાંધીજીના વિચારો અને પ્રયાસો તપાસવા પર પ્રસ્તુત શોધપત્ર તૈયાર કરવામાં આવ્યું છે.

**ચાવીરૂપ શબ્દો:** મહાત્મા ગાંધી, ગાંધીજી, દારૂ, દારૂબંધી, ભારતમાં દારૂબંધી, મહાત્મા ગાંધીની ભૂમિકા

## 1. પ્રસ્તાવના

"દારૂ પર પ્રતિબંધ" એટલે દારૂબંધી, એ કોઈપણ આલ્કોહોલિક પીણાંના ઉત્પાદન, વેચાણ, પરિવહન અને વપરાશ પર સરકાર અથવા નિયમનકારી સત્તા દ્વારા લાદવામાં આવેલા કાનૂની પ્રતિબંધો અથવા પ્રતિબંધો છે. એમાં સામાન્ય રીતે બીયર, વાઇન અને સ્પિરિટ્સ જેવા આલ્કોહોલિક પીણાં પર પ્રતિબંધનો સમાવેશ થાય છે. આ પ્રતિબંધના પગલાં વિવિધ સ્વરૂપો લઈ શકે છે, સંપૂર્ણ પ્રતિબંધથી આંશિક પ્રતિબંધો સુધી અને તેમની કડકતા અને અવધિમાં બદલાઈ શકે છે. આલ્કોહોલ પ્રતિબંધ લાગુ કરવા માટેની પ્રેરણાઓ વિવિધ હોય છે અને તેમાં સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, આરોગ્ય અને નૈતિક ચિંતાઓ શામેલ હોઈ શકે છે (Dills et al. 2005: 279-284).

આલ્કોહોલ પ્રતિબંધના સમયગાળા દરમિયાન, વ્યક્તિઓ અને વ્યવસાયોને સામાન્ય રીતે આલ્કોહોલિક પીણાઓનું ઉત્પાદન, વેચાણ અથવા વિતરણ કરવા માટે પ્રતિબંધિત કરવામાં આવે છે, અને જો લોકો આ કાયદાઓનું ઉલ્લંઘન કરતા હોવાનું જણાય તો તેઓ કાનૂની પરિણામો અથવા સજાને પાત્ર બને છે. પ્રતિબંધ કાયદાઓ ઘણીવાર દારૂ માટે ગેરકાયદેસર બજારોની સ્થાપના તરફ પણ દોરી જાય છે, જેને સામાન્ય રીતે "બૂટલેગિંગ" તરીકે ઓળખવામાં આવે છે.

ઇતિહાસમાં જુદા જુદા સમયે વિવિધ દેશો અને પ્રદેશોમાં દારૂ પર પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો છે. યુનાઇટેડ સ્ટેટ્સમાં 1920 થી 1933 સુધીનો સમયગાળો આલ્કોહોલિક પીણાંના ઉત્પાદન, વેચાણ અને પરિવહન પર રાષ્ટ્રવ્યાપી પ્રતિબંધની સ્થાપના કરતી વખતે યુ.એસ.ના બંધારણના 18મા સુધારા દ્વારા દારૂબંધીના સૌથી પ્રસિદ્ધ ઉદાહરણોમાંનું એક છે. આ યુગને "પ્રતિબંધ યુગ" તરીકે ઓળખવામાં આવે છે અને તેની નોંધપાત્ર સામાજિક અને આર્થિક અસરો હતી. જ્યારે ભારતમાં ઈ.સ.1915માં ગાંધીજીના ભારત આગમનની સાથે સમાજ સુધારણાના આંદોલનો આગળ વધ્યા (મીડિયા, 2019). આ આંદોલનોમાં હરિજન ઉત્થાન,

અસ્પૃશ્યતાનિવારણ, આર્થિક સ્વાતંત્ર્ય અને કન્યા કેળવણી અને સમાજમાં દારૂની બંદી પણ વ્યાપક પ્રમાણમાં હતી, જેનો ઇતિહાસ આ પ્રમાણે છે.

## 2. ભારતમાં દારૂબંધીનો ઇતિહાસ

ભારતમાં દારૂબંધીનો ઇતિહાસ એક જટિલ અને બહુપક્ષીય છે, જે દેશના સામાજિક, સાંસ્કૃતિક અને રાજકીય ગતિશીલતા સાથે ઊંડે સુધી જોડાયેલો છે. અહીં ભારતમાં પ્રતિબંધ ચળવળના ઇતિહાસની ઝાંખી છે:

- 19મી સદીમાં બ્રિટિશ શાસન દરમિયાન ભારતીય નેતાઓ અને કાર્યકરોએ દારૂના સેવન સાથે સંકળાયેલી સામાજિક અને આર્થિક સમસ્યાઓને ઓળખવાનું શરૂ કર્યું.
- ગ્લોબલ ટેમ્પરન્સ ચળવળથી પ્રભાવિત ભારતીય સુધારકોએ દારૂના દુરૂપયોગ અને સમાજ પર તેની અસરના મુદ્દાઓ પર ધ્યાન આપવાનો પ્રયાસ કર્યો (Dills et al. 2005: 279-284).
- ભારતીય મહિલાઓ, જેઓ ઘણીવાર આલ્કોહોલ સંબંધિત સમસ્યાઓનો ભોગ બને છે, તેમણે પણ પ્રતિબંધની હિમાયત કરવામાં નોંધપાત્ર ભૂમિકા ભજવી હતી (પરમાર, 2023: 554-562).
- ભારતમાં બ્રિટિશ શાસન દરમિયાન સંયમ ચળવળને વેગ મળ્યો. ભારતના વિવિધ રાજ્યોએ, સંયમી કાર્યકરોના પ્રભાવ હેઠળ દારૂબંધીનો અમલ શરૂ કર્યો.
- 1947માં ભારતને આઝાદી મળી, ત્યારે ભારતીય બંધારણના ઘડવૈયાઓએ દારૂ સંબંધિત મુદ્દાઓને માન્યતા આપી. રાજ્ય નીતિના નિર્દેશક સિદ્ધાંતો (કલમ 47) માં એક જોગવાઈનો સમાવેશ થાય છે કે રાજ્યને ઔષધીય હેતુઓ સિવાય માદક પીણાંના પ્રતિબંધ તરફ કામ કરવા વિનંતી કરવામાં આવી હતી (Dills et al. 2005: 279-284).
- આઝાદી બાદ ગુજરાત, બિહાર, મિઝોરમ અને નાગાલેન્ડ જેવા કેટલાક રાજ્યોએ તેમની રાજ્યની નીતિઓના ભાગ રૂપે દારૂ પર પ્રતિબંધ રજૂ કર્યો. આ રાજ્યોએ દારૂના વેચાણ અને વપરાશને પ્રતિબંધિત અથવા પ્રતિબંધિત કરવા માટે કાયદા ઘડ્યા.
- દારૂ પ્રતિબંધવાળા રાજ્યોમાં આ કાયદાઓના અમલીકરણથી પુરુષોમાં દારૂ પીવાના દરમાં ઘટાડો થયો છે અને મહિલાઓ સામેની હિંસાના બનાવોમાં ઘટાડો થયો છે.

વર્તમાન સ્થિતિ એવી છે કે ભારતમાં દારૂબંધી પર ચર્ચા ચાલુ છે, આ મુદ્દે બંને પક્ષે દલીલો ચાલી રહી છે. હિમાયતીઓ પ્રતિબંધના સામાજિક અને સ્વાસ્થ્ય લાભો પર ભાર મૂકે છે, જ્યારે વિરોધીઓ વ્યક્તિગત સ્વતંત્રતા અને આર્થિક બાબતો માટે દલીલ કરે છે.

### 3. મહાત્મા ગાંધી અને દારૂબંધી

ઈ.સ.1915માં ગાંધીજીના ભારત આગમનની સાથે ભારતમાં ગાંધીયુગની શરૂઆત થઇ. ભારતમાં સમાજ સુધારણાના આંદોલનો આગળ વધ્યા. આ આંદોલનો માં હરિજન ઉત્થાન, અસ્પૃશ્યતાનિવારણ, આર્થિક સ્વાતંત્ર્ય અને કન્યા કેળવણી ને લગતા હતા. આ ઉપરાંત સમાજમાં દારૂબંદી પણ વ્યાપક પ્રમાણમાં હતી. જેને કારણે ઘણાં અનિષ્ટો સર્જાતા. જેથી દારૂબંધીનું કાર્ય એક સામાજિક સુધારણાનાં ભાગ રૂપે ઉપાડી લેવામાં આવ્યુ. ગાંધીજી એ દારૂબંધીના કાર્ય ને અગ્રતા આપી. દારૂનાં પીઠા ઉપર ઠેરઠેર પીકેટીંગ થતાં, સત્યાગ્રહ થતાં અને દેશનાં યુવાનો, બહેનો દારૂ ની બદી ને દૂર કરવા થનગનતા હતાં.. ગાંધીજીએ રાષ્ટ્રીય આંદોલનોમાં મહીલાઓને અગ્રેસર કરી દારૂબંધીનાં અમલ માટે કાર્યક્મો કર્યા. ગાંધીજીએ રાષ્ટ્રીય આંદોલનોમાં દારૂબંધીમાં કાર્યને અગ્રતા આપી. ગાંધીજીનાં મનમાં દારૂબંધી અગેની તીવ્રતા અને અગત્યતા આ પ્રખ્યાત વાકય પરથી સમજાય છે (કાપડિયા, એન. 2022).

> “જો મને એક કલાકને માટે પણ આખા હિંદનો સરમુખત્યાર નીમવામાં આવે, તો સૌથી પહેલું હું એ કરું કે દારૂના એકએક પીઠાને કશું વળતર આપ્યા વિના બંધ કરી દઉં” (ગાંધી, 2014: 411).

ગાંધીજી એ 1920માં રચનાત્મક કાર્યક્રમોમાં દારૂબંધીના કાર્યક્રમને મહત્વનું માન્યું હતું. તેમણે જણાવ્યું હતુ કે હિંદુસ્તાન આખું નિર્ધન થઇ જાય તે હું સાંખી શકું,પણ હજારો દારૂડિયા અહીં હોય તે મારાથી જોયું જાય એમ નથી. દારૂમાંથી મળતા મહેસુલ ઉપર ભલે પૂળો મુકાય અને આપણાં બાળકો ભલે નિરક્ષર રહે, પણ મારે દારૂનાં પીઠા રાખીને બાળકોને ભણાવવાં નથી (પરમાર, કુમારપાળ 2021: 36-46).

હિંદમાં દારૂબંધીનો મૂળ ખ્યાલ મૂળ ગરીબ વસ્તીનાં કલ્યાણની ભાવનામાંથી નિર્માણ થયો છે. દારૂબંધીથી ગરીબ લોકો સુખી થતા હોય અને તેમના જીવનની દશા અથવા સંજોગો સુધરતા હોયતો તેને એક અનિષ્ટ ન

ગણી શકાય. દારૂબંધીને લીધે પીનારને પોતાનું પીણું જતું કરવું પડે છે. પરંતુ તેના કારણે તેના કુટુંબનો જિંદગી નભાવવાનો ને આધાર મેળવવાનો જે હક છે તે જાળવી શકાય છે.

વ્યકિતની અંગત સ્વતંત્રતાની એટલે કે માણસની જાતે વિચારવાની અને વર્તવાની અને સ્વતંત્રતાની વાત લઇએ તો એ બાબતનો ગાંધીજીને જેટલો આગ્રહ હતો અને વ્યકિતસ્વાતંત્ર્યની વાત પર જેટલો હતો તેટલો બીજા કોઇને જાણવામાં નથી તેઓ પોતાને અરાજકવાદી કહીને પણ ઓળખાવતા કેમ કે તેઓ માનતા હતા કે વ્યક્તિએ સંપૂર્ણ રીતે સ્વતંત્ર થવું હોય તો રાજયસંસ્થા પણ ન હોવી જોઇએ. પણ તેની સાથે તેમણે પૂરો ખ્યાલ હતો કે માણસની માણસાઇના વિકાસ ની આજે જે સ્થિતિ છે તેમાં વ્યકિતની નિર્બંધ સ્વતંત્રતાને પરિણામે જંગલના કાયદાનું એટલે કે મારે તેની તલવારના ન્યાયનું એટલે કે હિંસાનું વર્ચસ્વ જ સ્થપાય.એથી તેઓ માનતા કે રાજ્યસંસ્થાને આજે એક અનિવાર્ય અનિષ્ટ ગણીને ચાલવું જોઇએ અને રાજ્ય પોતાના નાગરિકોના સર્વોત્તમ હિતને પોષવાને માટે તેમના જીવનવહેવારોનું નિયમન કરવાને કાયદાઓ કરે છે. સમાજ માં ઉતરતામા ઉતરતા દરજજાની વ્યકિતની સ્વતંત્રતાના પૂરા આશક હોવા છતાં તે જ કારણસર તેઓ દારૂતાડીની સામે કાયદાનું હથિયાર વાપરવાને તૈયાર થયા હતા. શાથી ? કેમ કે દારૂતાડીનું વ્યસન વ્યસનીને પોતોનો પાકો ગુલામ બનાવી મુકે છે. અને આપણે જે સ્વતંત્રતાને આટલી બધી મૂલ્યવાન લેખીએ છીએ તેને જ તેની પાસેથી છીનવી લે છે. દારૂતાડીની અસરમાં ફસાયેલો માણસ માણસ રહેતો નથી. જેની બધી અક્કલ ને બુધ્ધિ મારી ગઇ હોઇ એવા માણસની જેમ તે બોલે છે,ચાલે છે ને વર્તે છે. દારૂ પીવાથી તેની નૈતિક નિર્ણય કરવાની કુદરતી શકિત તેમ જ વિવેકશકિત બૂઠી થઇ જતી હોવાથી તે વધારે સહેલાઇથી એટલે કે ઝાઝો સંકોચ રાખ્યા વિના ગુનાઓ ને અનિતિનાં કામો કરે છે.

1930ની સવિનય કાનુનભગની લડત વખતે ગાંધીજીએ દારૂબંધીના કામ માટે બહેનો ને તૈયાર કરી. દારૂના પીઠાઓ ઉપર પિકેટીંગ કરવા દેશમાં હજારો બહેનો નીકળી પડેલી અનૈતિકતા સામે નૈતિકતાની મોટી દીવાલ ઉભી કરી દેવામાં આવી હતી આ બાબતમાં બાપુની કેટલી જબરદસ્ત દીર્ધદ્રષ્ટિ હતી કે દારૂડિયાઓ જેઓ ગમે તેમ બોલે -વ્રર્તે ,તેમની સામે તેમને સમજાવવા માટે બહેનો ના નૈતિક બળને ધરી દીધું . આ કાર્યક્રમ દ્રારા અનેક નાનામોટાં સ્ત્રી કાર્યકરો આગળ આવ્યા (પરમાર, કુમારપાળ (2021: 57-61).

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

દારૂબંધી સામે દલીલ કરવામાં આવતી કે દારૂની આવતક માથી મોટા ભાગનો શિક્ષણનો ખર્ચ નીકળે છે. ગાંધીજી ને આ માથાના ઘા જેવું લાગ્યું. લોકોને દારૂ પીવડાવીને બાળકોને સારૂ શિક્ષણ કેવી રીતે આપી શકાય.? આ દૂર કરવા માટે એમણે 1937માં પોતાની છેલ્લી ને અમૂલ્ય ભેટ ' નયી તાલીમ ' ની આપી જેમાં શિક્ષણ સ્વાવલંબી થાય , તો દારૂની આવકની કશી જરૂર ન રહે. તે જ વર્ષે તે વખતનાં મુંબઇ ને મદ્રાસ રાજ્યમાં પ્રજાકીય પ્રધાનમંડળો ચંટાઇ આવ્યા અને ત્યાં દારૂબંધી દાખલ કરવામાં આવી (પરમાર, કુમારપાળ, 2021: 403-410).

શરાબ રાક્ષસ છે તેની જાળમાં તમારે સપડાવું ન જોઇએ. દારૂ પીધેલ માણસ પોતાની પત્ની અને બહેનો વચ્ચેનો ભેદ ભૂલી જાય છે. એટલે જો તમે દારૂ છોડી દીધો ન હોય તો તમારે એ શાપિત પાણીથી તમારું મોં નહી અભડાવવાનો નિશ્ર્વય કરવો જોઇએ. પણ તમારે પોતાને માટે અને તમારાં કુટુંબ માટે ખોરાક અને કપડાંની જોગવાઇ કર્યા પછી જો કંઇ પૈસા બચે તો તે સારા હેતું માટે તમારા બાળકોની કેળવણી માટે રાખજો.

જીવનમાં એકધારો ત્યાગ કરનાર ગૌતમ બુધ્ધે એવો ઉપદેશ આપ્યો કે તેમના અનુયાયીઓએ દારૂપીને પોતાનું મોં ગંદુ ન કરવું જોઇએ. અને શરીર માં ઝેર નાંખવું ન જોઇએ. ઇસ્લામ માં દારૂની સ્પષ્ટ નિંદા કરવામાં આવી છે. ખ્રિસ્તી ધર્મને હું સમજ્યો છું ત્યા સુધી તેમાં દારૂ પીવાની આજ્ઞા નથી અને એક હિંદુ તરીકે હું પોતો તમને ખાતરી આપું છુ કે મારો ધર્મ મધપાનને પાપ માને છે.

ભારતને આઝાદી મળતા કેટલાંક રાજયોમાં શરૂઆતથી જ દારૂબંધી ની સ્વીકારવામાં આવી .આપણાં દેશ નાં બંધારણમાં પણ દારૂબંધીની નીતિની વાત છે. ગાંધીજી એ કહ્યું છે કે " આપણા દેશના જેવા હવાપાણીમાં દારૂની લેશમાત્ર જરૂર નથી. દારૂની ગુલામ બનેલી પ્રજાનો નાશ જ છે.... એટલે સામાન્ય સારું જીવન જીવવું હોય તો હજી સમય છે ત્યા અનિષ્ટોની બંધી કરો " આ માર્ગે જવા ઇશ્ર્વર આપણને બુધ્ધિશકિત આપે.

## 4. ભારતમાં દારૂબંધી અને મહાત્મા ગાંધીની ભૂમિકા

ભારતમાં દારૂબંધીના પ્રચારમાં મહાત્મા ગાંધીએ મુખ્ય ભૂમિકા ભજવી હતી. તેમનું નેતૃત્વ અને હિમાયત તેમણે જે યોગદાન આપ્યું છે તે નીચે મુજબ છે:

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: Crossref, ROAD & Google Scholar

- મહાત્મા ગાંધીએ તેમની નૈતિક સત્તા અને અહિંસા પ્રત્યેની પ્રતિબદ્ધતા સાથે લાખો લોકોને દારૂબંધી ચળવળને ટેકો આપવા માટે પ્રેરણા આપી. તેમણે દારૂના દુરૂપયોગના નૈતિક અને સામાજિક પરિણામો પર ભાર મૂક્યો, જે ભારતીય સમુદાયના મોટા ભાગ પર પડઘો પડ્યો હતો.
- અહિંસક નાગરિક અસહકાર અને શાંતિપૂર્ણ વિરોધ દ્વારા જનતાને એકત્ર કરવાની ગાંધીની ક્ષમતા દારૂની હાનિકારક અસરો વિશે જાગૃતિ લાવવા અને પ્રતિબંધ માટે સમર્થન મેળવવા માટે નિર્ણાયક રહી હતી.
- ગાંધીએ દારૂબંધી માટે સક્રિયપણે ઝુંબેશ ચલાવી હતી, તેમના ભાષણો, લખાણો અને અસહકાર ચળવળ અને સવિનય અસહકાર ચળવળ સહિત વિવિધ ચળવળોમાં આ મુદ્દાને આવરી લીધો હતો. તેમણે દારૂ અને ગરીબી વચ્ચેની કડી તેમજ મહિલાઓ અને પરિવારોને તેની પ્રતિકૂળ અસરોથી બચાવવા પર પ્રકાશ પાડ્યો હતો.
- ગાંધીજીની વ્યક્તિગત જીવનશૈલી, સાદગી, દારૂનો ત્યાગ વગેરે દ્વારા વર્ગીકૃત થયેલ ભારતીય લોકો માટે એક શક્તિશાળી ઉદાહરણ તરીકે સેવા આપી હતી. તેમણે વ્યક્તિગત ઉદાહરણ દ્વારા નેતૃત્વ કર્યું અને ત્યાગના સંદેશને મજબૂત બનાવ્યો.
- ગાંધી દારૂ પર પ્રતિબંધ માટે દબાણ કરવા નેતાઓ અને સરકારો સાથે વાટાઘાટોમાં પણ રોકાયેલા રહેતા હતા. વિવિધ કરારો અને સમાધાનમાં તેમની ભૂમિકાએ આ કામને વધુ આગળ વધાર્યું.

ભારતમાં દારૂ પ્રતિબંધનો ઉદ્દેશ્ય સામાજિક અને નૈતિક ઉત્થાન લાવવા, જાહેર આરોગ્યમાં સુધારો, મહિલાઓને સશક્તિકરણ, આર્થિક વિકાસને પ્રોત્સાહન આપવા અને ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોને જાળવી રાખવાનો હતો. આ ચળવળમાં મહાત્મા ગાંધીની ભૂમિકા નિર્ણાયક હતી, કારણ કે તેમના નેતૃત્વ અને હિમાયતએ જાહેર સમર્થન મેળવવામાં મદદ કરી હતી અને છેવટે ઘણા ભારતીય રાજ્યોમાં પ્રતિબંધના પગલાંના અમલમાં પરિણમ્યા હતા.

## 5. તારણો અને ફલિતાર્થ

ભારતમાં આલ્કોહોલ પ્રતિબંધનો ઇતિહાસ દારૂ સંબંધિત સામાજિક મુદ્દાઓને સંબોધિત કરવા અને વ્યક્તિગત અધિકારો અને આર્થિક હિતોને સંતુલિત કરવા વચ્ચેના ગતિશીલ સંઘર્ષને દર્શાવે છે. સંયમ ચળવળનો વારસો, મહાત્મા ગાંધી જેવા નેતાઓ દ્વારા હિમાયત કરવામાં આવી હતી, તે હજુ પણ ભારતીય રાજ્યોમાં અલગ-અલગ દારૂની નીતિઓમાં દેખાય છે.

મહાત્મા ગાંધી સંયમ ચળવળના ચેમ્પિયન તરીકે ઉભરી આવ્યા. ગાંધીજી દારૂને વ્યક્તિગત અને સામાજિક સુખાકારી માટે જોખમ તરીકે જોતા હતા અને તેઓ માનતા હતા કે પ્રતિબંધ એ આત્મનિર્ભરતા અને નૈતિક ઉત્થાન હાંસલ કરવાનું સાધન છે. ગાંધીજીના વિચારો અને નીતિથી પ્રભાવિત થઇ આજે કેટલાક રાજ્યો દારૂબંધી પ્રત્યે કડક પ્રતિબંધ નીતિઓ જાળવે છે. ભારતમાં દારૂબંધી સંયમ ચળવળ અને મહાત્મા ગાંધીના નેતૃત્વ સાથે સંકળાયેલ છે, આવું કરવાના તેના ઘણા ઉદ્દેશ્યો હતા અને સમાજ પર નોંધપાત્ર અસર હતી. ભારતમાં દારૂબંધીના મુખ્ય ઉદ્દેશો અને મહાત્મા ગાંધીની ભૂમિકા અહીં છે:

## 6. સૂધારાવાદી સૂચનો

ભારતમાં દારૂબંધી અને દારૂબંધી અંગે મહાત્મા ગાંધીની ભૂમિકાને તપાસતા ફલિત થતા તારણો પરથી સંશોધક દ્વારા તૈયાર કરવામાં આવેલ સૂધારાવાદી સૂચનો આ પ્રમાણે છે.

- **સામાજીક અને નૈતિક ઉત્થાન:** પ્રાથમિક ઉદ્દેશ્યો પૈકીનો એક દારૂનું સેવન ઘટાડીને સામાજિક અને નૈતિક ઉત્થાનને પ્રોત્સાહન આપવાનો હતો. પ્રતિબંધના સમર્થકો માનતા હતા કે અતિશય દારૂ પીવાથી વિવિધ સામાજિક સમસ્યાઓ જેમ કે ગરીબી, ઘરેલું હિંસા અને અપરાધ થાય છે. દારૂના સેવન પર અંકુશ લગાવીને વધુ સદ્‌ગુણી અને સુમેળભર્યો સમાજ બનાવી શકાય છે.
- **આરોગ્ય અને સુખાકારી:** દારૂના દુરુપયોગને આરોગ્ય માટે જોખમ તરીકે જોવામાં આવતું હતું અને જોવામાં આવે છે અને પ્રતિબંધને વધુ પડતા પીવાથી સંકળાયેલા આરોગ્યના જોખમો, જેમ કે યકૃતના રોગો, વ્યસન અને માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ ઘટાડીને જાહેર આરોગ્યને સુધારવાનો પ્રયાસો કરી શકાય છે.

- **મહિલા સશક્તિકરણ:** દારૂ પ્રતિબંધ પણ મહિલા સશક્તિકરણ સાથે જોડાયેલો છે. અહી સંશોધકની માનવું છે કે દારૂનું સેવન ઘટાડવાથી, મહિલાઓને ઘરેલું દુર્વ્યવહાર અને ઉપેક્ષાથી વધુ સારી રીતે સુરક્ષિત રાખી શકાય છે અને તેઓ સમાજમાં મજબૂત અવાજ ઉઠાવી શકે છે.
- **આર્થિક વિકાસ:** દારૂ પર ખર્ચવામાં આવેલા આવકને ઘટાડીને આર્થિક વિકાસને પ્રોત્સાહન આપી શકાય છે. જે ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં મહત્વનું રહેશે જ્યાં કૃષિ ઉત્પાદકતા અને કુટુંબની આવક દારૂના વ્યસનથી પ્રભાવિત થઇ રહી છે.
- **ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યો:** દારૂ પર પ્રતિબંધ વિવિધ સમુદાયોના ધાર્મિક અને સાંસ્કૃતિક મૂલ્યોને જાળવી રાખે છે, કારણ કે ઘણી ભારતીય પરંપરાઓ દારૂના સેવનને નિરુત્સાહ અથવા પ્રતિબંધિત કરે છે. દારૂ પર પ્રતિબંધ મૂકીને આ પરંપરાઓને વધુ મજબૂત બનાવી શકાય છે.

**સંદર્ભસૂચિ**


- કાપડિયા, એન. (2022). માનસિકતા, સ્વચ્છતા અને ગાંધીજી. Towards Excellence, 14(3).
- ગાંધી, મોહનદાસ કરમચંદ (2014). સત્યના પ્રયોગો: આત્મકથા, અમદાવાદ: નવજીવન પ્રકાશન
- જગોડીયા, એચ. જી. (2021). ગાંધી વિચાર: સાદગી, સ્વચ્છતા અને આરોગ્ય. Vidhyayana-An International Multidisciplinary Peer-Reviewed E-Journal-ISSN 2454-8596, 7(2).
- ટીમ બીબીસી ગુજરાતી (2021), પ્રોહિબિશન વિરુદ્ધ પ્રાઇવસી: એ દલીલો જે ગુજરાતમાં દારૂબંધી હઠાવી લેવાની પિટિશનનો આધાર બની. retrieval 24-10-2023 from https://www.bbc.com/gujarati/india-58340026
- પરમાર, કુમારપાળ (2021). મહત્મા ગાંધીની ભારતીય ટપાલ-ટિકિટોનું ઐતિહાસિક મહત્વ (1948-2018). અમદાવાદ: સાબરમતી યુનિવર્સિટી
- મીડિયા, અબતક (2019). દારૂબંધીનું ગુજરાત ‘છાટો-પાણી’માં બિહાર કરતા પણ આગળ ! retrieval 24-10-2023 from https://www.abtakmedia.com/the-liquor-baron-gujarat-is-ahead-of-bihars-shade-water/
- Dills, A. K., Jacobson, M., & Miron, J. A. (2005). The effect of alcohol prohibition on alcohol consumption: evidence from drunkenness arrests. Economics Letters, 86(2), 279-284.
- Rumbarger, J. J. (1989). Profits, Power, and Prohibition: American Alcohol Reform and the Industrializing of America, 1800-1930. SUNY Press.